| કુલ ગુણ | 100 |
|---|---|

# ખાતાકીય પરીક્ષા (વર્ગ-૩)- 2024

## PAPER - 4

પરીક્ષાની તારીખ : ૨૨/૧૨/૨૦૨૪

પરીક્ષાનો સમય : બપોરે ૧૫:૦૦ થી ૧૮:૦૦

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
ADEI PAPER-4
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉહાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૮૦ મિનિટનો છે. |

## રફ કામ માટેનું પેઈજ

(1) સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ 1 થી 8 માં બાળકોની સંખ્યા 325 હોય તો શાળા સ્વચ્છતા સંકૂલની માસિક શાળાદીઠ કેટલી સહાય ચૂકવવાપાત્ર થાય છે ?

(A) 3500/- (B) 4000/-

(C) 4100/- (D) 3800/-

(2) HMAT પરીક્ષા કયા વિભાગ સાથે સંબંધિત છે ?

(A) ધોરણ 1 થી 5 વિભાગ (B) ધોરણ 6 થી 8 વિભાગ

(C) ધોરણ 1 થી 8 વિભાગ (D) ઉપર પૈકી એક પણ નહીં

(3) પ્રાથમિક શાળાના જ્ઞાનસહાયકને માસિક કેટલુ ઉચ્ચક માનદવેતન આપવામાં આવે છે ?

(A) રૂપિયા ચોવીસ હજાર પૂરા

(B) રૂપિયા પચ્ચીસ હજાર પૂરા

(C) રૂપિયા છવ્વીસ હજાર પૂરા

(D) રૂપિયા એકવીસ હજાર પૂરા

(4) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત પૂર્વ પ્રાથમિક શિક્ષણના કુલ કેટલા સ્તર નક્કી કરવામાં આવેલ છે ?

(A) એક (B) બે

(C) પાંચ (D) સાત

(5) નિપુણ ભારત - નિપુણ ગુજરાત મિશન અંતર્ગત FLN ટૂંકાક્ષરીમાં F નો અર્થ શું થાય ?

(A) First (B) Foundational

(C) Fundamental (D) Formal

(6) નેશનલ મીન્સ કમ મેરીટ સ્કૉલરશીપ યોજનામાં પસંદગી પામેલ વિદ્યાર્થી બાબતે નીચે પૈકી કયું સાચું છે ?

(A) ચાર વર્ષ સુધી પ્રતિ માસ રૂા. 12000/-

(B) ત્રણ વર્ષ સુધી પ્રતિ માસ રૂા. 1000/-

(C) ચાર વર્ષ સુધી પ્રતિ માસ રૂા. 1000/-

(D) ત્રણ વર્ષ સુધી પ્રતિ માસ રૂા. 12000/-

(7) સક્ષમ શાળા (Resilient school) કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાની કમિટિના અધ્યક્ષ કોણ હોય છે ?

(A) જિલ્લા શિક્ષણાધિકારી

(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(C) જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર (સમગ્ર શિક્ષા)

(D) જિલ્લા વિકાસ અધિકારી

(8) નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) બાબતે નીચે પૈકી કયુ સાચું છે ?

(A) પરીક્ષાનું માધ્યમ ફક્ત અંગ્રેજી હોય છે.

(B) પરીક્ષાનું માધ્યમ ફક્ત ગુજરાતી હોય છે.

(C) પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી હોય છે.

(D) ઉપર પૈકી એક પણ નહીં

(9) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા બાબતે નીચે પૈકી કયુ વિધાન સાચું છે ?

(A) આ પરીક્ષા ફક્ત સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ આપી શકે છે.

(B) આ પરીક્ષા ધોરણ 5 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ આપી શકે છે.

(C) આ પરીક્ષા ધોરણ 5 માં 50 % કરતાં ઓછા ગુણ / ગ્રેડ મેળવેલ અને ધોરણ 6 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ આપી શકે છે.

(D) આ પરીક્ષા ધોરણ 5 માં ઓછામાં ઓછા 50 % ગુણ / ગ્રેડ મેળવેલ અને ધોરણ 6 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ આપી શકશે.

(10) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનામાં પાત્રતા ધરાવતો વિદ્યાર્થી અનુદાનિત શાળામાં ધોરણ 6 માં પ્રવેશ મેળવે તો વિદ્યાર્થી અને શાળાને વિદ્યાર્થીદીઠ કેટલી સહાય મળે ?

(A) વિદ્યાર્થીને વાર્ષિક રૂા. 5000 અને શાળાને વાર્ષિક રૂા. 2000

(B) વિદ્યાર્થીને વાર્ષિક રૂા. 6000 અને શાળાને વાર્ષિક રૂા. 3000

(C) વિદ્યાર્થીને વાર્ષિક રૂા. 7000 અને શાળાને વાર્ષિક રૂા. 4000

(D) ઉપર પૈકી એક પણ નહિ

(11) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાના અમીલકરણ અધિકારી બાબતે નીચેના પૈકી કયું સાચું છે ?

(A) નિયામકશ્રી શાળાઓ

(B) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ

(C) નિયામકશ્રી જી.સી.ઈ.આર.ટી.

(D) સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટરશ્રી સમગ્ર શિક્ષા

(12) સમગ્ર શિક્ષા એ કયા વયજુથના બાળકોને આવરી લેતી સંકલિત યોજના છે ?

(A) 6 થી 14 વયજુથના તમામ વિદ્યાર્થી

(B) 6 થી 18 વર્ષની વયજુથના બાળકોને

(C) 4 થી 14 વર્ષના વયજુથના બાળકોને

(D) ઉપર પૈકી એક પણ નહિ.

(13) ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલમાં રજીસ્ટ્રેશન માટેની પાત્રતા બાબતે નીચેના પૈકી શું સાચું છે ?

(1) ધોરણ 9 માટે જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂનના રોજ 13 (તેર) વર્ષ પૂર્ણ કરેલ વિદ્યાર્થી

(2) ધોરણ 10 માટે જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂનના રોજ 15 (પંદર) વર્ષ પૂર્ણ કરેલ વિદ્યાર્થી

(3) ધોરણ 11 (સામાન્ય પ્રવાહ) માટે ધોરણ 10 પાસ કરેલ વિદ્યાર્થી

(4) ધોરણ 12 (સામાન્ય પ્રવાહ) માટે ધોરણ 10 પાસ કરલે હોય તે પરીક્ષા વર્ષથી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સુધી બે વર્ષ જેટલો સમયગાળો થતો હોય તેવા વિદ્યાર્થી

(A) ફક્ત 1 સાચું

(B) ફક્ત 2, 3 અને 4 સાચા

(C) ફક્ત 1. 3 અને 4 સાચા

(D) ઉપરના 1, 2, 3 અને 4 તમામ વિકલ્પ સાચા

(14) Twinning of schools (Elementary) કાર્યક્રમ બાબતે નીચે પૈકી કયુ વિધાન સાચું છે ?

(A) આ કાર્યક્રમ ધોરણ 1 થી 5 ની શાળાઓ માટે છે.

(B) આ કાર્યક્રમ ધોરણ 1 થી 8 ની શાળાઓ માટે છે.

(C) આ કાર્યક્રમ ધોરણ 6 થી 8 ની શાળાઓ માટે છે.

(D) આ કાર્યક્રમ ફક્ત ધોરણ 5 માટે છે.

(15) "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સાથે સહભાગી રાજ્ય કયુ છે ?

(A) મહારાષ્ટ્ર (B) રાજસ્થાન

(C) છત્તીસગઢ (D) મધ્યપ્રદેશ

(16) એડોલેસન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ AEP અંતર્ગત "ઉજાસભણી" કાર્યક્રમ બાબતે નીચે પૈકી કયુ વિધાન સાચું છે ?

(A) આ કાર્યક્રમ સરકારી શાળાનો ધોરણ 6 થી 12 ના તમામ વિદ્યાર્થીઓ માટે છે.

(B) આ કાર્યક્રમ ધોરણ 1 થી 5 ના તમામ વિદ્યાર્થીઓ માટે છે.

(C) આ કાર્યક્રમ ધોરણ 6 થી 12 ની ફક્ત વિદ્યાર્થીઓ (કન્યાઓ) માટે છે.

(D) આ કાર્યક્રમ ધોરણ 6 થી 12 ના ફક્ત વિદ્યાર્થીઓ (કુમાર) માટે છે.

(17) GCERT દ્વારા કયુ સામયિક બહાર પાડવામાં આવે છે ?

(A) કુમાર (B) શિક્ષણ પરિક્ષણ

(C) જીવન શિક્ષણ (D) શિક્ષક જ્યોત

(18) રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ કાર્યક્રમ બાબતે નીચેની કઈ બાબત સુસંગત છે ?

(A) ધોરણ 1 થી 12 ની સરકારી શાળાઓની કન્યા માટેનો તાલીમ કાર્યક્રમ છે.

(B) ધોરણ 1 થી 8 ની સરકારી શાળાઓની કન્યા માટેનો તાલીમ કાર્યક્રમ છે.

(C) ધોરણ 6 થી 12 ની સરકારી શાળાઓની કન્યા માટેનો તાલીમ કાર્યક્રમ છે.

(D) ધોરણ 6 થી 10 સરકારી શાળાઓની કન્યા માટેનો તાલીમ કાર્યક્રમ છે.

(19) કર્મવેદિકા શિક્ષણની કઈ કચેરી સાથે સંકળાયેલ બાબત છે ?

(A) પ્રાથમિક શિક્ષણ નિયામક

(B) સમગ્ર શિક્ષા

(C) જી.સી.ઈ.આર.ટી.

(D) ઉપર પૈકી એક પણ નહિ

(20) G-SHALA નું પૂરું નામ જણાવો.

(A) Gujarat Schools' Holistic Adaptive Learning App

(B) Gujarat Students' Holistic Adaptive Learning App

(C) Gujarat Schools' Holistic Administrative Learning

(D) Gujarat Schools' Home Advance Learning App

(21) કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) બાબતે નીચે પૈકી કયુ વિધાન ખોટું છે ?

(A) CET પરીક્ષા માટે ફી નિ:શુલ્ક રાખવામાં આવેલ છે.

(B) કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું પ્રશ્નપત્ર 120 ગુણનું અને સમય 150 મિનિટનો રહેશે.

(C) કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું માધ્યમ ગુજરાતી / અંગ્રેજી ભાષામાં રહેશે.

(D) કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું પ્રશ્નપત્ર 120 ગુણનું અને સમય 120 મિનિટનો રહેશે.

(22) મુખ્યમંત્રીશ્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ સંદર્ભે નીચે પૈકી કઈ બાબતો સુસંગત છે ?

(A) આ પરીક્ષા માટે પરીક્ષા ફી રૂા. 100 નક્કી કરવામાં આવેલ છે.

(B) પરીક્ષાનું માધ્યમ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી રાખવામાં આવેલ છે.

(C) આ પરીક્ષામાં MAT (બૌદ્ધિક યોગ્યતા કસોટી)માં 40 પ્રશ્નો અને 40 ગુણ રાખવામાં આવેલ છે.

(D) આ પરીક્ષામાં SAT (શૈક્ષણિક યોગ્યતા કસોટી) માં 40 પ્રશ્નો અને 80 ગુણ રાખવામાં આવેલ છે.

(23) પ્રાથમિક ચિત્રકામ કક્ષાની પરીક્ષા કયા ધોરણના વિદ્યાર્થીઓ આપી શકે છે ?

(A) ફક્ત ધોરણ પાંચમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ (B) ફક્ત ધોરણ આઠમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ

(C) ધોરણ 1 થી 4 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ (D) ધોરણ 6 થી 8 માં અયાસ કરતા વિદ્યાર્થીઓ

(24) બાળમંદિર અને અધ્યાપન મંદિરનો વિષય શિક્ષણ વિભાગની કઈ શાખા સાથે સંબંધિત છે ?

(A) ન શાખા (B) ગ શાખા

(C) છ શાખા (D) ઉપરમાંથી એક પણ નહિ.

(25) શાળા પરિવહન યોજના બાબતે નીચે પૈકી કયુ વિધાન ખોટું છે ?

(1) આ યોજનાનો લાભ ફક્ત સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે.

(2) આ યોજનાના અમલ માટે ગુજરાત શાળા શિક્ષણ પરિષદ સમગ્ર શિક્ષા નોડલ એજન્સી તરીકે કામ કરશે.

(3) આ યોજનાનો ઠરાવ શિક્ષણ વિભાગ દ્વારા તારીખ 12-3-2024 ના રોજ બહાર પાડવામાં આવેલ છે.

(4) આ યોજનામાં બાળક દીઠ મહત્તમ રૂપિયા 600 પ્રતિમાસ લેખે વાર્ષિક રૂા. 7200 ની મર્યાદામાં પરિવહન ખર્ચ કરવા ઠરાવવામાં આવેલ છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 4

(C) તમામ (D) ફક્ત 1 અને 2

(26) PARAKH ટૂંકાક્ષરીનું પૂરું નામ જણાવો.

(A) Performance assessment review and analysis of knowledge for Holistic development

(B) Performance annual report and analysis of knowledge for Holistic development

(C) Performance assessment report and analysis of knowledge for Holistic development

(D) Performance annual review and analysis of knowledge for Holistic development

(27) નવભારત સાક્ષરતા કાર્યક્રમ યોજનાનો અમલીકરણ સમયગાળો કયો છે ?

(A) વર્ષ 2021 થી 2026 સુધી (B) વર્ષ 2022 થી 2026 સુધી

(C) વર્ષ 2022 થી 2027 સુધી (D) વર્ષ 2023 થી 2027 સુધી

(28) સ્વનિર્ભર પ્રાથમિક શાળાના સ્થળ ફેરફાર બાબતે નીચે પૈકી શું સાચું છે ?

(A) સ્થળ ફેરફાર માટે નોન રિફંડેબલ રૂા. 35,000/- ફી નક્કી કરવામાં આવેલ છે.

(B) રિફંડબેલ રૂા. 35,000/- ફી નક્કી કરવામાં આવેલ છે.

(C) નોન રિફંડેબલ રૂા. 25,000/- ફી નક્કી કરવામાં આવેલ છે.

(D) રિફંડેબલ રૂા. 25,000/- ફી નક્કી કરવામાં આવેલ છે.

(29) સરકારી પ્રાથમિક શાળાઓમાં ખેલ સહાયક યોજના બાબતે શું સાચું છે ?

(A) 300 કે તેથી વધુ સંખ્યા ધરાવતી શાળાઓમાં ખેલસહાયક યોજનાનો અમલ કરવામાં આવશે.

(B) ઉચ્ચક માનદ વેતન 21000/- ફિક્સ ચૂકવવામાં આવશે.

(C) અમલીકરણ અધિકારી તરીકે સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગર રહેશે.

(D) ઉપરોક્ત તમામ સાચા

(30) ધોરણ 9 થી 12 માં વિદ્યાર્થીઓની સંખ્યા 225 છે, તો આ શાળાને વાર્ષિક સંયુક્ત શાળા ગ્રાન્ટ કેટલી મળે ?

(A) 50,000/- (પચાસ હજાર પૂરા) (B) 25,000/- (પચ્ચીસ હજાર પૂરા)

(C) 75,000/- (પંચોતેર હજાર પૂરા) (D) 40,000/- (ચાળીસ હજાર પૂરા)

(31) મધ્યાહ્ન ભોજન યોજનાનું નવું નામાભિધાન શું કરવામાં આવ્યું છે ?

(A) પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય પોષણ યોજના (B) પ્રધાનમંત્રી નીરોગી જન યોજના

(C) "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના" (D) પ્રધાનમંત્રી સુપોષણ યોજના

(32) "એકતા અને શિસ્ત" એ કઈ સંસ્થાનો મુદ્રાલેખ છે ?

(A) NSS એન.એસ.એસ. (નેશનલ સર્વિસ સ્કીમ)

(B) NCC એન.સી.સી. (નેશનલ કેડેટ કોર)

(C) SPC એસ.પી.સી. (સ્ટુડન્ટ પોલીસ કેટેડ)

(D) ઉપર પૈકી એક પણ નહિ.

(33) વિદ્યાદીપ વીમા યોજના બાબતે કયુ વિધાન અસંગત છે ?

(A) આ યોજના હેઠળ માધ્યમિક શાળાના વિદ્યાર્થીને 50,000/- (પચાસ હજાર રૂપિયા)ની સહાય ચૂકવાય છે.

(B) આ યોજના હેઠળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીને 25,000/- (પચ્ચીસ હજાર રૂપિયા)ની સહાય ચૂકવાય છે.

(C) આ યોજના તમામ પ્રકારની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને લાગુ પડે છે.

(D) આ યોજના તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને લાગુ પડે છે.

(34) "सत्यम् ऋतम् बृहत्" લોગો વાક્ય એ નીચે પૈકી કઈ યુનિવર્સિટી સાથે સંબંધિત છે ?

(A) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર (B) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(C) કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર (D) રક્ષાશક્તિ યુનિવર્સિટી, ગાંધીનગર

(35) NEP - 2020 અનુસાર વાર્ષિક કેટલા "દફતર વગરના તાસ" ની ભલામણ કરેલ છે ?

(A) 10 (ધોરણ 6 થી 8) (B) 20 (ધોરણ 9 થી 12)

(C) 15 (ધોરણ 6 થી 8) (D) 05 (ધોરણ 9 થી 12)

(36) NEP - 2020 અનુસાર દરવર્ષે CPD હેઠળ શિક્ષકો માટે કેટલા કલાકની તાલીમ સૂચવવામાં આવી છે ?

(A) 20 (B) 30 (C) 50 (D) 40

(37) RTE - રૂલ્સ 2021 અનુસાર શૈક્ષણિકવર્ષ આરંભથી પ્રવેશ માટે લંબાવેલ મુદત કેટલી નક્કી કરવામાં આવેલ છે ?

(A) 3 માસ (B) 1 માસ

(C) 2 માસ (D) 6 માસ

(38) RTE રૂલ્સ 2021 અનુસાર શાળા વિકાસ યોજના કેટલા વર્ષ માટે બનાવવાનું સૂચવેલ છે ?

(A) ત્રણ વર્ષીય યોજના (B) બે વર્ષીય યોજના

(C) એક વર્ષીય યોજના (D) પાંચ વર્ષિય યોજના

(39) RTE - રૂલ્સ 2012 અનુસાર શાળા વ્યવસ્થાપક સમિતિની દર કેટલા વર્ષે પુનઃ રચના કરવી જરૂરી રહેશે ?

(A) દર વર્ષે (B) દર બે વર્ષે

(C) દર ત્રણ વર્ષે (D) દર ચાર વર્ષે

(40) "કોઈ એક શાળા દ્વારા બાળકોને પ્રવેશ માટે તપાસ કાર્યપદ્ધતિને આધીન કરવામાં આવે છે." આ બાબતે RTE - 2009 ની કલમ - 13 અનુસાર પ્રથમ ઉલ્લંઘન બદલ કેટલા રૂપિયા દંડની જોગોવાઈ છે ?

(A) 25,000/- (B) 50,000/-

(C) 1,00,000/- (D) 10,000/-

(41) ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ હેઠળ ધોરણ - 10 માં રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થીની ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઈએ ?

(A) જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂને 13 વર્ષ પૂર્ણ કરેલ હોય.

(B) જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂને 15 વર્ષ પૂર્ણ કરેલ હોય.

(C) જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂને 16 વર્ષ પૂર્ણ કરેલ હોય.

(D) જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂને 14 વર્ષ પૂર્ણ કરેલ હોય.

(42) નવભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ કઈ વયજૂથના નિરક્ષરોને પ્રથમ ટાર્ગેટ બનાવવાનું નક્કી થયેલ છે ?

(A) 15 વર્ષથી ઓછી ઉંમરના (B) 35 વર્ષથી વધુ ઉંમરના

(C) 15 થી 35 વર્ષ સુધીના (D) ઉપરનામાંથી એક પણ નહિ.

(43) નવભારત સાક્ષરતા કાર્યક્રમ માટે કોના સહયોગથી "સેન્ટર ફોર લિટરસી" ઊભું કરવામાં આવશે ?

(A) GCERT (B) SSA

(C) NCTE (D) CBSE

(44) INSPIRE એવૉર્ડ માનાંક યોજના હેઠળ ધોરણ 6 થી 10 ના વિદ્યાર્થીઓને મોડેલ રચના અને આનુસંગિક ખર્ચ પેટે કેટલું અનુદાન મળવાપાત્ર છે ?

(A) 5,000/- (B) 10,000/-

(C) 15,000/- (D) 20,000/-

(45) દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ હેઠળ વંદે ગુજરાતની કઈ ચેનલ પર ધોરણ 5 થી 8 ના સાક્ષરી અને બિનસાક્ષરી કાર્યક્રમોનું 24 x 7 કલાક પ્રસારણ કરવામાં આવે છે ?

(A) ચેનલ નં. 4 થી 8 (B) ચેનલ નં. 5 થી 9

(C) ચેનલ નં. 5 થી 8 (D) ચેનલ નં. 9 થી 12

(46) જો કોઈ શાળાના વિદ્યાર્થીઓની છેલ્લા બે માસની સરેરાશ હાજરી તે જિલ્લાની તે બે માસની સરેરાશ હાજરી જેટલી જોવા મળે તો ગુણોત્સવ 2.0 હેઠળ શાળાને 5 માંથી કેટલો સ્કોર મળવાપાત્ર છે ?

(A) 5 (B) 4 (C) 3 (D) 2

(47) ગુણોત્સવ 2.0 હેઠળ શાળા 50 % થી 75 % સ્કોર મેળવે તો શાળાને કયો ગ્રેડ મળવાપાત્ર છે ?

(A) A (B) B (C) C (D) D

(48) અન્નસંગમ યોજના હેઠળ આદિજાતી વિસ્તારની શાળાની કન્યાઓના વાલીને કેટલા કિલો અનાજ આપવામાં આવે છે ?

(A) 50 kg (B) 60 kg (C) 70 kg (D) 80 kg

(49) અન્નસંગમ યોજનાનું અમલીકરણ હાલ રાજ્યના કેટલા જિલ્લામાં કરવામાં આવેલ છે ?

(A) 12 (B) 13 (C) 14 (D) 15

(50) દૂધ સંજીવની યોજના હેઠળ પસંદ થયેલ પ્રાથમિક શાળાના બાળકોને દૈનિક કેટલું ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે ?

(A) 100 ml (B) 200 ml (C) 300 ml (D) 400 ml

(51) સેન્ટ્રલ સેક્ટર સ્કીમ ફોર કૉલેજ એન્ડ યુનિવર્સિટી સ્ટુડન્ટ યોજના (PM-USP) હેઠળ સ્કોલરશીપ મેળવવા માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા કેટલી છે ?

(A) 6 લાખ (B) 8 લાખ

(C) 4.5 લાખ (D) 12 લાખ

(52) આર.ટી.ઈ. એક્ટ અનુસાર સ્વનિર્ભર શાળામાં ધોરણ 1 માં 25 % મુજબ પ્રવેશ અપાયેલ વિદ્યાર્થીદીઠ કેટલી સહાય ચૂકવવામાં આવે છે ?

(A) 10,000/- (B) 15,675/- (C) 13,675/- (D) 20,000/-

(53) રાજ્યની તમામ સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કઈ યોજના વિમાકવચ પૂરું પાડે છે ?

(A) વિદ્યાદીપ યોજના (B) વિદ્યાસેતુ યોજના

(C) શહીદ વીર કિનારીવાલા યોજના (D) ઉપરનામાંથી એક પણ નહિ.

(54) વિદ્યાર્થી પહેલ યોજના હેઠળ રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને શાળાદીઠ કેટલી ગ્રાન્ટ મળવાપાત્ર છે ?

(A) 1 લાખ (B) 2 લાખ

(C) 3 લાખ (D) 4 લાખ

(55) 73-12 GBV ગર્લ્સ હોસ્ટેલનું (type-4) સંચાલન નીચેનામાંથી કઈ કચેરી દ્વારા કરવામાં આવે છે ?

(A) કમિશ્નર શાળાઓનીકચેરી (B) સમગ્ર શિક્ષા અભિયાન કચેરી

(C) નિયામક પ્રાથમિક શાળાની કચેરી (D) નિયામક ઉચ્ચશિક્ષણની કચેરી

(56) કઈ યોજના હેઠળ રાજ્યની બિન સરકારી સંસ્કૃત પાઠશાળાઓને 100 % અનુદાન આપવામાં આવે છે ?

(A) સંસ્કૃત સાધના યોજના (B) મિશન ગુરૂકુળ યોજના

(C) સંસ્કૃત પાઠશાળા યોજના (D) ઉપરનામાંથી એક પણ નહિ.

(57) સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ હેઠળ 10 થી 18 વર્ષનો છોકરો કયા નામે ઓળખાય છે ?

(A) બન્ની (B) કબ

(C) સ્કાઉટ (D) રોવર

(58) યુધ્ધમાં શહીદ થયેલ માજી સૈનિકોના બાળકોને નીચેનામાંથી કઈ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળવાપાત્ર છે ?

(A) વોર કન્સેશન
(B) ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ
(C) પ્રાથમિક - માધ્યમિક શિષ્યવૃત્તિ
(D) ફેલોશીપ શિષ્યવૃત્તિ

(59) નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજનામાં વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા કેટલી છે ?

(A) 2 લાખ
(B) 2.5 લાખ
(C) 3 લાખ
(D) 3.5 લાખ

(60) NMMS પરીક્ષા માટે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓએ ધોરણ 07 માં કેટલા ટકા ગુણ મેળવેલ હોવા જોઈએ ?

(A) 45 % (B) 50 % (C) 55 % (D) 60 %

(61) પ્રાથમિક માધ્યમિક કક્ષા ચિત્રકામ પરીક્ષાનું આયોજન કઈ કચેરી દ્વારા કરવામાં આવે છે ?

(A) કમિશ્નર શાળાઓની કચેરી
(B) સમગ્ર શિક્ષા અભિયાન કચેરી
(C) નિયામક પ્રાથમિક શિક્ષણ કચેરી
(D) રાજ્ય પરીક્ષા બૉર્ડ

(62) ડીપ્લોમાં ઇન પ્રિ-સ્કૂલ એજ્યુકેશન અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા કઈ કચેરી દ્વારા કરવામાં આવે છે ?

(A) GCERT
(B) SSA
(C) નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરી
(D) SEB

(63) જ્ઞાન સહાયક યોજના માટે અમલીકરણ અધિકારી કોણ છે ?

(A) કમિશ્નર શાળાઓની કચેરી
(B) સમગ્ર શિક્ષા અભિયાન કચેરી
(C) નિયામક પ્રાથમિક શિક્ષણ કચેરી
(D) કમિશ્નર ઉચ્ચશિક્ષણની કચેરી

(64) GIET દ્વારા તૈયાર કરાયેલ કાર્યક્રમોનું પ્રસારણ નીચેનામાંથી કઈ ચેનલ મારફતે થાય છે ?

(A) દૂરદર્શનની માત્ર ડીડી - 11
(B) દૂરદર્શનની ડીડી - 01 થી ડીડી - 11
(C) દૂરદર્શનની ડીડી - 01 અને ડીડી - 11
(D) દૂરદર્શનની માત્ર ડીડી - 11 તથા ડીડી - 12

(65) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ શિષ્યવૃત્તિ યોજના અન્વયે CET ના મેરીટમાં આવેલ વિદ્યાર્થી સરકારી માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવે તો તેને કેટલી વાર્ષિક સહાય મળવાપાત્ર છે ?

(A) રૂા. 5,000/-
(B) રૂા. 6,000/-
(C) રૂા. 7,000/-
(D) રૂા. 8,000/-

(66) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનામાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવે તો શાળાને વિદ્યાર્થીદીઠ કેટલી સહાય મળવાપાત્ર થાય છે ?

(A) રૂા. 2,000/-
(B) રૂા. 3,000/-
(C) રૂા. 4,000/-
(D) રૂા. 5,000/-

(67) રક્ષાશક્તિ શાળાઓમાં ધોરણ 6 માં પ્રવેશ માટે ધોરણ 5 ના સ્વનિર્ભર શાળાના કેટલા ટકા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે ?

(A) 40 %
(B) 35 %
(C) 30 %
(D) 25 %

(68) મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના માટે અમલીકરણ અધિકારી કોણ છે ?

(A) નિયામકશ્રી શાળાઓની કચેરી (B) સમગ્ર શિક્ષા અભિયાન કચેરી

(C) GCERT (D) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કચેરી

(69) મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ઉપરાંત નીચેનામાંથી કઈ સુવિધા મળવાપાત્ર છે ?

(A) મફત બસ પાસ (B) મફત ટેબલેટ સહાય

(C) મફત સાયકલ સહાય (D) ઉપરનામાંથી એક પણ નહિ.

(70) નમો લક્ષ્મી યોજના હેઠળ લાભાર્થીને ધોરણ 9 અને 10 ના મળીને કુલ કેટલી સહાય મળવાપાત્ર છે ?

(A) રૂા. 10,000/- (B) રૂા. 20,000/-

(C) રૂા. 30,000/- (D) રૂા. 40,000/-

(71) નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ લાભાર્થીને ધોરણ 11 અને 12 ના મળીને કુલ કેટલી સહાય મળવાપાત્ર છે ?

(A) રૂા. 15,000/- (B) રૂા. 20,000/-

(C) રૂા. 25,000/- (D) રૂા. 30,000/-

(72) રક્ષાશક્તિ સ્કૂલસ અંતર્ગત શિક્ષણ વિભાગ સાથે નીચે પૈકી કોણ નૉલેજ પાર્ટનર એજન્સી તરીકે કાર્ય કરશે ?

(A) સૈનિક સ્કૂલ, બાલાચડી

(B) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ

(C) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી

(D) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

(73) TST પરીક્ષાનો મુખ્ય હેતુ કયો છે ?

(A) વિદ્યાર્થીઓને બૉર્ડની જાહેર પરીક્ષાનો મહાવરો થાય.

(B) વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે

(C) વિદ્યાર્થીઓની પ્રતિભાવત ટેલેન્ટ બહાર આવે.

(D) ઉપરોક્ત તમામ

(74) નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત વિકસાવાયેલ એપ્લિકેશન કયા નામથી ઓળખાય છે ?

(A) ULLASH (B) ULHAS

(C) ULLAS (D) ULAAS

(75) દર વર્ષે કેટલા નવા વિદ્યાર્થીને મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપમાં સમાવાશે ?

(A) 25,000 (B) 30,000 (C) 1,20,000 (D) 22,000

(76) મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ પરીક્ષા અન્વયે સ્વનિર્ભર શાળાઓની ફી નિયમન અધિનિયમ - 2017 મુજબ નક્કી થયેલ ફી જ્ઞાન સાધના સ્કોલરશીપ કરતા વધુ હોય તો તે વધારાની રકમ શાળાને કોણ ચૂકવશે ?

(A) ગુજરાત સરકાર (B) આવી વધારાની ફી ચૂકવવી ન પડે

(C) વિદ્યાર્થીના વાલી (D) સ્વનિર્ભર શાળાના સંચાલક

(77) STTI નું પૂરું નામ શું છે ?

(A) State Teachers' Training Institute
(B) Secondary Teachers' Training Institute
(C) School Teachers' Training Institute
(D) State Technical Teachers' Training Institute

(78) CAL માં 'A' શું દર્શાવે છે ?

(A) Applied (B) Assist (C) Aided (D) Added

(79) દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત વર્ષ 2023-24 માં અંતરિયાળ વિસ્તારની સરકારી પ્રાથમિક શાળાના ધોરણ 6 થી 8 ના બાળકો માટે એક દિવસીય સાયન્સીટી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કોણે કરેલ ?

(A) STTI (B) GCERT (C) GS & HSEB (D) SEB

(80) TLM માં 'T' શું દર્શાવે છે ?

(A) Teacher
(B) Training
(C) Teaching
(D) Teachers'

(81) DIKSHA નું પૂરું નામ શું છે ?

(A) Digital Infrastructure for Knowledge sharing
(B) District Institute for Knowledge sharing
(C) Digital Institute for Knowledge sharing
(D) Digital Infrastructure of Knowledge sharing

(82) નમો લક્ષ્મી યોજના અંતર્ગત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને કુલ કેટલી આર્થિક સહાય મળશે ?

(A) રૂા. 25,000
(B) રૂા. 30,000
(C) રૂા. 50,000
(D) રૂા. 20,000

(83) 'નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના' ધોરણ 11 માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક કેટલી સહાય મળે ?

(A) 15,000
(B) 10,000
(C) 20,000
(D) 50,000

(84) વર્ષ 2023-24 માં વીરગાથા 3.0 પ્રોજેક્ટ અન્વયે જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ વિજેતાને ઈનામરૂપે કેટલી રકમ આપી પ્રોત્સાહિત કરેલ.

(A) રૂા. 5,000
(B) રૂા. 3,000
(C) રૂા. 2,000
(D) રૂા. 10,000

(85) GSOS ના અમલીકરણ માટેના નૉડલ અધિકારી કોણ રહેશે ?

(A) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
(C) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ
(D) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે કાર્યરત વર્ગ-2 કક્ષાના અધિકારી

(86) નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજનાના લાભાર્થી કોણ છે ?

(A) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ
(B) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ
(C) ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ
(D) ઉચ્ચતર માધ્યમિક શાળા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ

(87) મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ પ્રૉજેક્ટ અંતર્ગત શાળાઓનું સમયાંતરે મૂલ્યાંકન કોણ કરશે ?

(A) GCERT
(B) SEB
(C) GSHSEB
(D) GSQAC

(88) કયા પ્રૉજેક્ટ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં ટેકનોલોજીની મદદથી સ્માર્ટ બૉર્ડ સાથે ઇન્ટરેક્ટિવ સ્માર્ટ ક્લાસનો વિકાસ કરવામાં આવેલ છે ?

(A) જ્ઞાનકુંજ
(B) જ્ઞાનશક્તિ
(C) જ્ઞાનવિજ્ઞાન
(D) જ્ઞાનપરબ

(89) NIPUN ભારત મિશન હેઠળ શાળા તત્પરતા મોડ્યુલ કયા નામે ઓળખાય છે ?

(A) વિદ્યા સમીક્ષા
(B) વિદ્યા પ્રવેશ
(C) વિદ્યા વિકાસ
(D) વિદ્યા તત્પરતા

(90) રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહક ઇનામ આપવાની યોજના અંતર્ગત જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે આવનાર 'શ્રેષ્ઠ શાળા'ને કેટલી રકમ ઇનામ પેટે આપવામાં આવે છે ?

(A) રૂા. 2 લાખ
(B) રૂા. 1.5 લાખ
(C) રૂા. 3 લાખ
(D) રૂા. 1 લાખ

(91) મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ માટે નિયામકશ્રી શાળાઓની કચેરી દ્વારા કરવામાં આવતી શાળાઓની પસંદગી માટે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી ?

(A) ધોરણ 9 થી 12 સળંગ એક જ કેમ્પસમાં ચાલતુ હોય.
(B) ધોરણ 9 થી 12 નો સળંગ અભ્યાસક્રમ ચાલતો હોય.
(C) ધોરણ 9 થી 12 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનું સંચાલન એક જ ટ્રસ્ટ / સંસ્થા દ્વારા થતું હોય.
(D) શાળાનું છેલ્લા પાંચ વર્ષ પૈકી ઓછામાં ઓછું ત્રણ વર્ષનું ધોરણ 12 નું પરિણામ 80 % કરતા વધુ હોય.

(92) મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને મળવાપાત્ર સ્કોલરશીપ અને નાણાંકીય સહાયમાં વધારો કરવા કેટલા વર્ષે રાજ્ય સરકાર દ્વારા વિચારણા કરવામાં આવશે ?

(A) દર વર્ષે
(B) દર 3 વર્ષે
(C) દર બે વર્ષે
(D) દર પાંચ વર્ષે

(93) મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત રાજ્યના કેટલા વિદ્યાર્થીઓને લાભ મળવાપાત્ર થશે ?

(A) 20,000
(B) 30,000
(C) 25,000
(D) 15,000

(94) રાષ્ટ્રીય શિક્ષણ દિન નીચેનામાંથી કોની જન્મજયંતિ પર ઉજવવામાં આવે છે ?

(A) ડૉ. બાબાસાહેબ આંબેડકર
(B) ડૉ. એ.પી.જે. કલામ
(C) મૌલાના અબુલ કલામ આઝાદ
(D) સર્વપલ્લી રાધાકૃષ્ણન

(95) નીચેનામાંથી કોના દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રને ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટીસ જાહેર કરેલ છે ?

(A) ભારત સરકાર
(B) યુનિસેફ
(C) વર્લ્ડ બેન્ક
(D) ઉપરના ત્રણેય

(96) પરખ - રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024 કયા ધોરણમાં યોજવામાં આવનાર છે ?

(A) 1 થી 5
(B) 6 થી 8
(C) 3, 6, 9
(D) 3, 5, 8

(97) વર્ષ 2018-19 માં સમગ્ર શિક્ષા યોજનાને અમલી બનાવતા કઈ સંસ્થાનો સમાવેશ તેમાં કરવામાં આવેલ નથી ?

(A) GCERT
(B) KCG
(C) SSA
(D) RMSA

(98) સમગ્ર શિક્ષા દ્વારા કયા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્ટ (SDG) ને પ્રાપ્ત કરવા કાર્ય કરવામાં આવે છે ?

(A) SDG - 1
(B) SDG - 3
(C) SDG - 5
(D) SDG - 4

(99) કઈ યોજના અંતર્ગત સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવે છે ?

(A) સમગ્ર શિક્ષા
(B) વિદ્યાદીપ
(C) સરસ્વતી સાધના
(D) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન

(100) કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક ઇનામ યોજના હેઠળ પ્રથમ ક્રમે પસંદ થનાર શાળાને કેટલું ઇનામ મળવાપાત્ર થાય ?

(A) પાંચ લાખ
(B) દસ લાખ
(C) બે લાખ
(D) ત્રણ લાખ

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

PAPER-4

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.